# હિસાબ નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

**ગુજરાતની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ તથા કામધેનુ યુનિવર્સિટીમાં પશુચિકિત્સાની ડીગ્રી (વેટરનરી સાયન્સની ડીગ્રી) ધરાવતા શિક્ષકો/વૈજ્ઞાનિકો/ડૉક્ટરો અને અન્ય અધિકારીઓને નોન પ્રાઇવેટ પ્રેક્ટીસ એલાઉન્સ (NPPA) મંજૂર કરવા બાબત...**

## -:: પરિપત્ર ::-

આથી તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના તા.૨૯-૫-૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:ગકવ/૧૦૨૦૦૨/ SCA-૧૫/ક.૨ના ઠરાવથી કૃષિ યુનિવર્સિટીઓમાં પશુચિકિત્સાની ડીગ્રી (વેટરનરી સાયન્સની ડીગ્રી) ધરાવતા શિક્ષકો/વૈજ્ઞાનિકો/ ડૉક્ટરો અને અન્ય અધિકારીઓને તા.૧૫-૯-૨૦૧૭ થી નોન પ્રેક્ટીસ એલાઉન્સ (NPPA) આપવાનું ઠરાવેલ છે. જેનો અમલ કરવા માટે કુલસચિવશ્રી, આકૃયુ, આણંદના તા.૦૨-૦૬-૨૦૧૮ના પત્રથી જણાવેલ છે.

આથી ઉક્ત ઠરાવની વિગતો જોતાં આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની વિવિધ કચેરીઓમાં પશુચિકિત્સાની ડીગ્રી (વેટરનરી સાયન્સ ડીગ્રી) ધરાવતા શિક્ષકો/વૈજ્ઞાનિકો/ડૉક્ટરો અને અન્ય અધિકારીઓને નોન પ્રાઇવેટ પ્રેક્ટીસ એલાઉન્સ (NPPA) તા.૧૫-૯-૨૦૧૭ની અસરથી ચૂકવવા માટે આ સાથે સામેલ પરિશિષ્ટ-(૧), (૨) અને (૩) મુજબની ( પ્રમાણપત્ર/ બાંહેધરી) કર્મચારીઓ પાસેથી મેળવીને જે તે યુનિટ અધિકારીશ્રીઓએ પ્રમાણિત કરી તા.૨૫-૬-૨૦૧૮ પહેલાં અત્રેની કચેરીને મોકલી આપવાની રહેશે જેથી ચાલુ માસના(જુન-૧૮) ના પગાર બીલમાં ઠરાવમાં નિર્દેશ થયા મુજબ નોન પ્રાઇવેટ પ્રેક્ટીસ એલાઉન્સ (NPPA) આકારી શકાય.

વધુમાં (૧) અને (૨) પરિશિષ્ટ બે નકલમાં ચાલુ માસ પુરતી જ કર્મચારીની સહી સાથે કચેરીના વડાએ પ્રમાણિત કરી મોકલી આપવાની રહેશે. જ્યારે પરિશિષ્ટ (૩) નું પ્રમાણપત્ર કે જે દર માસે આપવાનું થતુ હોય તે પ્રમાણપત્ર કર્મચારી પાસેથી દર માસે મેળવી જેતે કચેરીના વડાએ પ્રમાણિત કરી **દર માસની ૨૦ તારીખ પહેલા** સંકલીત કરી તેનું લીસ્ટ પે-સેલ (ઇ-મેઇલ- paycell@aau.in) માં મોકલી આપવાનું રહેશે. અસલ પ્રમાણપત્ર જેતે કચેરીએ પોતાની કચેરીના ઓડીટ રેકર્ડ માટે રાખવાના રહેશે. યુનિટ કક્ષાએથી(NPPA) મળવાપાત્ર હોય તેવા જ કર્મચારીનું નામ, હોદો , એમ્પોલ્યમેન્ટ નંબર સાથેનું પત્રક મોકલવાનું રહેશે. જેથી લીસ્ટમાં નામ હશે તેવા જ કર્મચારઓને જેતે માસના પગાર બીલમાં (NPPA) આકારવામાં આવશે અને આ લીસ્ટ સમયસર મોકલવા અંગેની તમામ જવાબદારી જેતે કચેરીના વડાની રહેશે.

ઉપરોક્ત પરિપત્ર માન.કુલપતિશ્રીએ અત્રેની કચેરીની નોંધ પર આપેલ મંજુરીને ધ્યાને લઈ જારી કરવામાં આવે છે.

(સહી) ૨૧/૬/૧૮

**હિસાબ નિયામક**

સામેલ :- ઉપર મુજબ
જા.નં.આકૃયુ/હિ.નિ/પે સેલ/૨૨૩૨-૩૪/૨૦૧૮
તા.૧૩-૦૬-૨૦૧૮

**નકલ સવિનય રવાના :-**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આકૃયુ, આણંદ.
૨. તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જરૂરી કાર્યવાહી તથા અમલ કરવા સારૂ.

**નકલ રવાના :-**

૧. હિસાબી અધિકારીશ્રી (પી.એફ/પેન્શન), આકૃયુ, આણંદ.
૨. ઓડીટ ઓફીસરશ્રી, પે & પેન્શન સેલ, આકૃયુ, આણંદ.

પરિશિષ્ટ – ૧

# નોન પ્રાઇવેટ પ્રેક્ટીસ એલાઉન્સ (NPPA) અંગેનું પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ડૉ...................................................................., હોદ્દો ..........................................ના ડીગ્રી પ્રમાણપત્રો ચકાસણી કરતાં વેટરનરી સાયન્સ ગ્રેજ્યુએટની ( B.V.Sc. & A.H.) માન્ય ડીગ્રી ધરાવે છે. તેમજ તેઓ ઇન્ડિયન વેટરનરી કાઉન્સિલ એક્ટ, ૧૯૮૪/ગુજરાત વેટરનરી પ્રેક્ટીસ એક્ટ, ૧૯૭૯ અન્વયે નિયત કરેલ આવશ્યક લાયકાત અને વેટરનરી કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન ધરાવે છે. જેનો રજીસ્ટ્રેશન નં................................ છે.
વધુમાં સદરહું અધિકારી પોતે વર્ગ-૧ / વર્ગ-૨ ના આણંદ કૃષિ યુનિવર્સિટીના કાયમી કર્મચારી છે. તેમજ તેઓએ ખાનગી વ્યવસાયબંધી ભથ્થું ( NPPA) મેળવતા પહેલાં તા.૧૫-૯-૨૦૧૭ થી કોઇપણ જાતની ખાનગી પ્રેક્ટીસ કરી નથી અને તે બદલ કોઇપણ જાતની ફી કે ખાનગી પ્રેક્ટીસ અંગેના નાણાં મેળવ્યા નથી અને ભવિષ્યમાં પણ ખાનગી પ્રેક્ટીસ કરશે નહિ તે અંગેનું પ્રમાણપત્ર / બાંહેધરી આપેલ છે.
નાણાં વિભાગના તા.૩-૧૦-૨૦૧૨ના ઠરાવ મુજબ બેઝીક પેના ૨૫ % પ્રમાણે NPPA ઠરાવવામાં આવતાં તેઓનો તા.૧૪-૯-૨૦૧૭ (i.e. ૧-૯-૨૦૧૭) નો બેઝીક પે (પે બેન્ડ) રૂ........................ ગ્રેડ પે રૂા.............................. એમ કુલ રૂા.............................. (બેઝીક પે+ ગ્રેડ પે) થાય છે, તેમાં બીજા કોઇ ઇજાફા જેવા કે સ્પેશીયલ પે વગેરે ગણતરીમાં લીધેલ નથી તેની ખરાઇ કરેલ છે.

**સહી............................. સહી.............................**

**ઉપાડ અને ચૂકવણા અધિકારી આચાર્ય / યુનિટ અધિકારી**

પરિશિષ્ટ – ૨

# **બાંહેધરી પત્રક**

ગુજરાત સરકારશ્રીના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : ગકવ-૧૦૨૦૦૨-એસસીએ-૧૫-ક.૨, તા.૨૯-૫-૨૦૧૮ અન્વયે કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના એન્ડોર્સમેન્ટ નં. આકૃયુ/રજી/સંકલન/૪૦૯૫-૪૧૦૪/૨૦૧૮, તા.૨-૬-૨૦૧૮. મુજબ આથી હું ડૉ. ........................................................................................................, હોદ્દો ........................................, વિભાગ ......................................................................... કૉલેજ/યુનિટ................................................................... ખાતે ફરજ બજાવુ છું અને બાંહેધરી આપુ છું કે, હું પોતે ............................................................................. તા.૧૫-૯-૨૦૧૭ થી ખાનગી વ્યવસાયબંધી ભથ્થા માટે ક્લેઇમ રજૂ કરૂ છું, તેમજ ખાનગી વ્યવસાયબંધી ભથ્થું ચૂકવતા પહેલાં કોઇપણ જાતની ખાનગી પ્રેક્ટીસ કરી નથી અને તે બદલે કોઇપણ જાતની ફી કે ખાનગી પ્રેક્ટીસ અંગેના નાણાં મેળવ્યા નથી અને હવેથી મારા દ્વારા કોઇપણ જાતની ફી કે નાણાં અન્ય પાસેથી વસુલ કરતા કે ખાનગી પ્રેક્ટીસ કરતા ધ્યાને આવે તો અથવા સાબિત થાય તો ગુજરાત સિવિલ સર્વિસીસ (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ હેઠળ શિસ્તની કાર્યવાહી કર્યા વગર પણ તા.૧૫-૯-૨૦૧૭ થી તે દિવસ સુધીના ચૂકવેલ નોન પ્રેક્ટીસ એલાઉન્સ વસુલ કરવાની બાંહેધરી ઉપરોક્ત ઠરાવની કલમ-૫ મુજબ આપુ છું.

તારીખ : / /૨૦ સહી .........................................

સ્થળ : (કર્મચારીનું નામ) ......................................

હોદ્દો ........................................

જી.વી.સી. રજી. નં......................................

પ્રતિ,

આચાર્ય/યુનિટ

.........................................

.........................................

.........................................

પરિશિષ્ટ – ૩ એમ્પો.નં.______.

**પ્રતિ,**
આચાર્યશ્રી/યુનિટ અધિકારીશ્રી,

....................................,
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ-૩૮૮ ૧૧૦

# <u>પ્રમાણપત્ર</u>

આથી હું ડૉ. ...............................................................................,

હોદ્દો............................., વિભાગ...................................................................

યુનિટ...................................................................માં ફરજ બજાવુ છું અને પ્રમાણિત

કરુ છું કે, માહે : ............................ દરમ્યાન મે કોઇપણ જાતની ખાનગી પ્રેક્ટીસ કરી નથી

અને તે બદલ કોઇપણ જાતની ફી કે ખાનગી પ્રેક્ટીસ અંગેના નાણાં મેળવ્યા નથી, જે વિદિત થાય.

તારીખ : / /૨૦ સહી .......................................
સ્થળ :
(કર્મચારીનું નામ) .......................................
હોદ્દો .......................................
જી.વી.સી. રજી. નં.......................................
મોબાઈલ નં. .......................................